ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૭/૨૧-૨૨/ 322

તારીખ : 29 JAN 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૭/૨૧-૨૨

પ્રતિ,

**શ્રી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
**કાર્યપાલક ઈજનેરશ્રી ની કચેરી,**
**જા.આ.યાંત્રિક વિભાગ, જુના જંકશન રોડ,**
**મેઈન વોટર ટેંક કમ્પાઉન્ડ,**
**કે.સી.આઈ.બેરીંગ ની બાજુમાં,**
**સુરેન્દ્રનગર.**

**મો.નં-**

**વિષય : અમારા દુધરેજ વોટર વર્કસ ના એચ.ટી.વિજ જોડાણ નં-૧૮૭૧૨ ના વિજ બિલ બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૨/૦૯/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૪/૦૯/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૧-૨૨/૨૬૪૬ તા.૦૪/૦૯/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૧-૨૨/૩૦૫૫ તા.૧૩/૧૦/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૧-૨૨/૩૪૨૭ તા.૧૮/૧૧/૨૦૨૧.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૧-૨૨/૩૭૨૫ તા.૧૭/૧૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૧૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ, ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી-૧, **સુરેન્દ્રનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૭/૨૧–૨૨** ☜

વાદી :– **ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૯/૧૨/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શ્રી જતીનભાઈ પટેલ (વાદી ના કાર્યપાલક ઈજનેરશ્રી)**

પ્રતિવાદી :– **શ્રીમતી જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, મું.સુરેન્દ્રનગર ની અમારા દૂધરેજ વોટર વર્કસ ના એચ.ટી.વિજ જોડાણ નં–૧૮૭૧૨ ના વિજ બિલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૭/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૧–૨૨/૨૬૪૬ તા.૦૪/૦૯/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૨/૧૦/૨૦૨૧, તા.૩૦/૧૧/૨૦૨૧ તથા તા.૨૯/૧૨/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૨૯/૧૨/૨૦૨૧** ના રોજ વાદી શ્રી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ વતી તેમના કાર્યપાલક ઈજનેરશ્રી જતીનભાઈ પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રીમતી જે.આર.રત્નુ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ના સાયલા યાંત્રિક પેટા વિભાગ કચેરી હસ્તકના દૂધરેજ વોટર વર્કસ ખાતે તા.૧૭/૧/૨૦૦૮ થી Exe Eng, GWSSB ના નામે જોડાણ નંબર ૨૫૧૩૫/૦૧૦૯૭/૧ થી એલ.ટી.વિજ જોડાણ ધરાવે છે.

૧.૨ પાણી પુરવઠા બોર્ડ ને વધુ પાવર ની જરૂરીયાત હોવાથી જાન્યુઆરી–૨૦૨૧ માં સદર એલ.ટી.વિજ જોડાણ કાયમી ધોરણે રદ કરાવી નવું એચ.ટી. વિજ જોડાણ માટેની અરજી કરવામાં આવેલ હોવાથી વિજ જોડાણ નં–૧૮૭૧૨ થી એચ.ટી.વિજ જોડાણ આપવામાં આવેલ હતું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ વાદીને માહે જુન–૨૦૨૧ નું એચ.ટી.વિજ કનેકશન નું બિલ આપેલ હતું. જેમાં, એલ.ટી.વિજ કનેકશન ની કુલ બાકી રકમ રૂા.૧,૫૪,૪૯,૧૭૮/૪૯ ની રકમ ઉધારવામાં આવેલ હતી અને રકમ રૂા.૪૧,૬૦,૧૪૦/૨૦ નો ટેરીફ તફાવત નો ચાર્જ ઓગષ્ટ –૨૦૧૯ માં ઉધારવામાં આવેલ હતો. સદર ચાર્જ ની રકમ માટે પેટા વિભાગીય સુરેન્દ્રનગર શહેર–૧ દ્વારા પત્ર નંબર–ડી.ઈ./એસ.સી.એસ.ડી–૧/૧૪૯૦ તા.૧૩/૬/૨૦૧૯ થી જાણ કરેલ હતી. જેમાં જણાવેલ કે, સદર વિજ કનેકશન ગ્રામ પંચાયત ના એરીયા બહાર હોય અને GWSSB દ્વારા માંગેલ હોય તેવા કિસ્સામાં આકારવા પાત્ર વિજ બિલ વચ્ચે તફાવત ની રકમ માહે જાન્યુ–૨૦૦૮ થી મે–૨૦૧૯ સુધીની રકમ રૂા.૪૧,૬૦,૧૪૦/૨૧ ભરવા પાત્ર થતી હોય ભરવા માટે જણાવેલ હતું.

૧.૪ વાદીએ રજૂઆત કરેલ છે કે, તેઓ દ્વારા પત્ર નં–૪૦૯ તા.૧/૭/૨૦૧૯ થી પેટા વિભાગીય કચેરી શહેર–૧ ને જણાવેલ છે કે, સદર એલ.ટી.વિજ જોડાણ જે તે સમયે કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય વિભાગ,GWSSB અમદાવાદ ના નામ થી જ લેવામાં આવેલ હતું અને તેના અરજી પત્ર ની નકલ અને જરૂરી દસ્વતોજી પુરાવા ની નકલ સાથે પણ સાદર કરવામાં આવેલ. જે દર્શાવે છે કે, સદર વિજ જોડાણ GWSSB ના વપરાશ માટે જ લેવામાં આવેલ હતું. જેથી, વિજ કચેરી દ્વારા આપવામાં આવેલ પત્ર નં–૧૪૯૦ તા.૧૩/૬/૨૦૧૯ માં જણાવ્યા મુજબ સદર વિજ જોડાણ નગર પાલીકા ને સોંપવામાં આવેલ આધાર પુરાવા માંગવામાં આવેલ જે વિસંગતતા ભરેલ છે. જે તે સમયે અરજી ફોર્મ સાથે આપેલ જરૂરી દસ્તાવેજી પુરાવા મુજબ યોગ્ય ટેરીફ પ્લાન લગાડવાની જવાબદારી વિજ કચેરીની છે. વિજ કચેરી દ્વારા જે તે સમયે ટેરીફ પ્લાન લગાડવામાં ભૂલ કરેલ છે. તથા સદર વિજ કનેકશન GWSSB દ્વારા લેવામાં આવેલ હોય અને નગર પાલીકાને સોંપવામાં ના આયોજન બાબતે વિજ કચેરી સાથે કોઈ જ પત્ર વ્યવહાર કરવામાં આવેલ ન હોવા છતાં, વિજ કચેરી દ્વારા માહે જાન્યુઆરી–૨૦૦૮ થી મે–૨૦૧૯ સુધી ખોટો ટેરીફ પ્લાન લગાડવામાં આવેલ છે. તથા શરૂઆત થી જ વિજ બિલ માં WW NP ટેરીફ પ્લાન લગાડવામાં આવેલ છે.અને બિલ માં પ્રતિ યુનીટ ના ભાવ WWGP મુજબ લેવામાં આવેલ છે. આમ, યોગ્ય ટેરીફ લગાડવામાં થયેલ ભૂલ ને લીધે તફાવત ના ચાર્જ ની રકમ રૂા.૪૧,૬૦,૧૪૦/૨૦ એકી સાથે ઓગષ્ટ–૧૯ ના બિલ માં ઉધારેલ છે તેમ જણાવે છે.

૧.૫ વાદી દ્વારા ટેરીફ તફાવત ની ચાર્જ ની રકમ ની સ્પષ્ટતા માટે પત્ર નં–૪૦૯ તા.૧/૭/૨૦૧૯ માં જણાવેલ હતું. પણ જુન–૨૦૨૧ સુધી કોઈ પ્રત્યુતર વિજ કચેરી દ્વારા નહી આપવામાં આવતા નીલ ના નાણાંની ચૂકવણી પાણી પુરવઠા બોર્ડ દ્વારા સ્થગીત કરેલ હતી. જેથી, ટેરીફ તફાવતની મોટી રકમ નહી ભરવાને લીધે વિલંબીત ચૂકવણી ચાર્જ ની રકમ પણ ઉધારીને બિલ માં આવેલ છે.

૧.૬ ટેરીફ તફાવત ની મોટી રકમ બાબતે નિરાકરણ નહી આવેલ હોવા છતાં, વોટર વર્કસ ખાતેના એચ.ટી.વિજ જોડાણ ના માહે જુન–૨૦૨૧ ના વિજ બિલ માં રકમ ઉધારીને આપેલ છે. જે બાબતે વાદીએ પત્ર નં–૪૨૫ તા.૮/૬/૨૧ ના રોજ જાણ કરેલ હતી. જે અનુસંધાને વિજ કચેરી દ્વારા પત્ર નં–એસએનડી/રેવ/૪૯૬૪ તા.૨૯/૬/૨૦૨૧ ના રોજ સદર બાબતે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ અને તે બાબતે પેટા વિભાગીય કચેરી શહેર–૧ દ્વારા પત્ર લખેલ હતો. પણ સદર ચાર્જ ની રકમ નું યોગ્ય નિરાકરણ નહી મળવાને લીધે નાણાંની ચૂકવણી માં વિલંબ થયેલ છે, તેમ વાદી જણાવે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૧.૭ આમ, ટેરીફ તફાવતના ચાર્જ ની રકમ રૂા.૪૧,૬૦,૧૪૦/૨૦ ઉધારેલ છે તે બાબતે અને તેની લીધે જે વિલંબીત ચૂકવણી ચાર્જ ની રકમ બાબતે યોગ્ય નિરાકરણ લાવવા માટે રજૂઆત કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત છે કે,</u>**

૨.૧ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ના સાયલા યાંત્રિક પેટા વિભાગ કચેરી હસ્તક ના દૂધરેજ વોટર વર્કસ ખાતે તા.૧૭/૧/૨૦૦૮ થી Exe Eng, GWSSB ના નામે જોડાણ નંબર–૨૫૧૩૫/૦૧૦૯૭/૧ થી ૧૨૦ એચ.પી. નું એલ.ટી.વિજ જોડાણ દૂધરેજ ગામ ખાતે ધરાવે છે.

૨.૨ સદર વિજ કનેકશન માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી માં માંગવામાં આવેલ હતું જે વિજ કનેકશન તે સમયે WWNP ટેરીફ થી બિલીંગ ચાલુ કરેલ હતું.

૨.૩ સદર વિજ કનેકશન ગ્રામ પંચાયત ના એરીયા બહાર હોય અને GWSSB દ્વારા માંગેલ હોય તેવા કિસ્સામાં ટેરીફ ટાઈપ–૨ મુજબ આકારવાની હોય છે. એટલે કે, WWMU ટેરીફ લગાડવાનો હોય છે. જેથી, ટેરીફ તફાવત ની રકમ ઓડિટ પારા ૨૦૧૫–૧૬ ના પારા નં–૪.૩(૩) મુજબ અને ૨૦૦૯ ના ટેરીફ શીડયુલ મુજબ વસુલવા પાત્ર થાય છે.

૨.૪ સદર વિજ કનેકશન માં વસુલવા પાત્ર વિજ બિલ વચ્ચે તફાવત ની રકમ માહે જાન્યુઆરી–૨૦૦૮ થી મે–૨૦૧૯ સુધીની રકમ રૂા.૪૧,૬૦,૧૪૦/૨૧ હતી. જે રકમ ગ્રાહક ના ખાતે ઉધારેલ હતી. જેની ગણતરી મહિના વાઈઝ આ સાથે સામેલ છે. સદર ઉધારેલ રકમ નહી ભરવાને લીધે ત્યાર પછીના વિજ બિલમાં વિલંબીત ચૂકવણી ચાર્જ સીસ્ટમ દ્વારા ઉધારવામાં આવેલ છે.

૨.૫ વાદીની લેખિતમાં કરેલ રજૂઆત ના અનુસંધાને અત્રેના તાબા હેઠળ ની પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર–૧ દ્વારા પત્ર નં–૪૫૦૨ તા.૩/૭/૨૦૨૧ ના રોજ વિગતવાર માહિતી સાથે જાણ કરેલ છે.

૨.૬ વાદી દ્વારા તેઓની જરૂરીયાત મુજબ એચ.ટી.વિજ જોડાણ માટે રજૂઆત કરવામાં આવતા એલ.ટી.વિજ જોડાણ નં–૨૫૧૩૫/૦૧૦૯૭/૧ કાયમી ધોરણે રદ કરવામાં આવતા તેમાં ફેબ્રુઆરી–૨૦૨૧ માં રૂા.૧,૫૪,૪૯,૧૭૮/૪૯ બાકી રહેલ હતા. જે બાબતે પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–૧૪૯૦ તા.૧૩/૬/૨૦૧૯ થી જાણ કરવામાં આવેલ હતી. જે બાકી રહેલ Exe Eng, GWSSB દ્વારા નહી ભરવામાં આવતા સદર રકમ એચ.ટી. વિજ જોડાણ નં–૧૮૭૧૨ માં ઉધારવામાં આવેલ છે. જે મુજબ ની રકમ ભરવાપાત્ર થાય છે. જે આપની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દૂધરેજ વોટર વર્કસ ખાતે એકઝીકયુટીવ એન્જીનીયરશ્રી GWSSB ના નામે ૧૨૦ હો.પા.નું થ્રી ફેઈઝ વિજ જોડાણ ગામ–દૂધરેજ ગ્રામ પંચાયત ની હદમાં તા.૧૭/૧/૨૦૦૮ થી ધરાવતા હતા. ત્યારબાદ, વાદીએ તેઓનો એલ.ટી.વિજ જોડાણ એચ.ટી.માં કન્વર્ટ કરાવી ૨૧૫ કેવીએ નું માંગેલ. જે પ્રતિવાદીએ તા.૧૭/૬/૨૦૨૧ ના રોજ ચાલુ કરેલ. જેનો ગ્રાહક નં–૧૮૭૧૨ છે.

૩.૨ પ્રતિવાદીએ વાદીના ૧૨૦ હો.પા. ના એલ.ટી વિજ જોડાણ માંગતા સમયે રજૂ કરેલ અરજી અને રેવન્યુ રેકર્ડ મુજબ વાદીએ દૂધરેજ ગ્રામ પંચાયત ની હદમાં સર્વે નં–૨૧૪/૨ માં થ્રી ફેઈઝ ૧૨૦ એચ.પી.માટે ના વિજ જોડાણ માટે અરજી કરેલ.

આજરોજ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમિયાન વાદીએ સરકારશ્રી નો સુરેન્દ્રનગર દુધરેજ નગર પાલીકા **બરો** અંગેનો હુકમ રજૂ કરેલ છે. જે મુજબ દૂધરેજ ગ્રામ પંચાયત સુરેન્દ્રનગર નગરપાલીકા માં મર્જ થઈ અને વર્ષ ૧૯૯૪ થી સુરેન્દ્રનગર નગરપાલીકા ના વિસ્તારમાં સમાવિષ્ટ કરેલ છે. જયારે વાદીનું ૧૨૦ હો.પા.નું વિજ જોડાણ જાન્યુ–૨૦૧૮ માં ચાલુ કરેલ છે. એટલે કે, વાદીનું વિજ જોડાણ જે તે સમયે સુરેન્દ્રનગર નગરપાલીકા ની હદમાં ચાલુ કરવામાં આવેલ. અને આ વિજ જોડાણ ત્યારથી અત્યાર સુધી GWSSB દ્વારા ઓપરેટ કરવામાં આવે છે. આથી, સ્પષ્ટ છે કે, વાદીનું વિજ જોડાણ દૂધરેજ ગ્રામ પંચાયત માં નથી. પરંતુ, સુરેન્દ્રનગર દૂધરેજ નગરપાલીકા ની હદમાં છે. માટે વાદીના વિજ જોડાણ નું બિલીગ જે તે વર્ષ ના વિજ ટેરીફ ના કલોઝ ટાઈપ–૨ કેટેગરી હેઠળ થવું જોઈએ. જયારે, પ્રતિવાદીએ વાદીના વિજ જોડાણ ને ગ્રામ પંચાયત માં ગણી અને ટાઈપ–૩ પ્રમાણે બિલીંગ કરતા હતા.

આમ, વાદીનું એલ.ટી.વિજ જોડાણ દૂધરેજ ગ્રામ પંચાયત ની હદમાં પાણી પુરવઠા માટે ચાલુ કરેલ. જે વિજ જોડાણ તા.૧૭/૬/૨૦૨૧ થી તે જ સ્થળ પર એચ.ટી.વિજ જોડાણ પ્રતિવાદીએ ચાલુ કરેલ.

૩.૩ પ્રતિવાદી વાદીના એલ.ટી.૧૨૦ હો.પા.નું વિજ જોડાણ ચાલુ થયેલ ત્યારથી એટલે કે, તા.૧૭/૧/૨૦૦૮ થી મે–૨૦૧૯ સુધી જે તે વર્ષ ના પ્રવર્તમાન વોટર વર્કસ ના ટેરીફ (WWSP) હેઠળ ટાઈપ–૩ હેઠળ બિલીગ કરી અને તે મજુબ ટેરીફ લગાડી વાદીને વિજ બિલ આપવામાં આવતા હતા. ૨૦૧૮ ના વર્ષ માં પ્રતિવાદી ના ઓડીટ વિભાગ દ્વારા વાદીના બિલીંગ નું ઓડીટ કરતા જણાયેલ કે, વાદીના વોટર વર્કસ નું વિજ જોડાણ GWSSB દ્વારા ઓપરેટ કરવામાં આવતું હતું અને તે દૂધરેજ નગર પાલીકા ની હદમાં આવતું હતું. તેમજ ૧૯૭૪ ના વર્ષ માં દૂધરેજ ગ્રામ પંચાયત સુરેન્દ્રનગર નગરપાલીકા માં મર્જ કરી સરકારશ્રી એ સુરેન્દ્રનગર દૂધરેજ નગરપાલીકા **બરો**નું સ્ટેટસ આપેલ. આમ, વાદીનું વિજ જોડાણ સુરેન્દ્રનગર દુધરેજ નગરપાલીકા ની હદમાં ૨૦૦૮ ના વર્ષ માં ચાલુ કરેલ. ઓડીટ વિભાગે વધુમાં નોંધ કરેલ છે કે, ૨૦૦૮ થી વાદીના વિજ જોડાણ નું બિલીગ ટાઈપ–૨ પ્રમાણે કરવાનું થતું હતું તેના બદલે પ્રતિવાદીની કચેરીએ ખોટો ટેરીફ લગાવી ટાઈપ–૩ પ્રમાણે બિલીગ કરેલ.અને વિજ બિલ બનાવેલ. આથી, પ્રતિવાદી ના ઓડિટ ડિપાર્ટમેન્ટ એ પ્રતિવાદીને જાન્યુ–૨૦૦૮ થી મે–૨૦૧૯ સુધીનું ખરેખર લેવા પાત્ર એનર્જી ચાર્જ નો તફાવત ની રીકવરી રૂા.૩૯,૨૮,૯૦૦/૨૧

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

સજેસ્ટ કરેલ અને રૂા.૨,૩૧,૨૪૦/– ફીકસ ચાર્જ પેટે રીકવરી સજેસ્ટ કરેલ. આમ, કુલ રૂા.૪૧,૬૦,૧૪૦/૨૧ ની કુલ રીકવરી વાદી પાસેથી લેવા માટે જણાવેલ. જેથી, પ્રતિવાદીએ વાદીના એચ.ટી. વિજ જોડાણ ના બિલ માં રૂા.૪૧,૬૦,૧૪૦/૨૧ ડેબીટ કરેલ અને વાદીને ભરપાઈ કરવા જણાવેલ.

૩.૪ GERC ના ટેરીફ શેડયુલ મુજબ ૧ જાન્યુ ૨૦૦૯ થી અસર થતા ટેરીફ ના શેડયુલ ના કલોઝ નં–6.0 Rate WW (Water Works) ના સબ કલોઝ ૬.૨ અને ૬.૩ મુજબ,

6.2 : Type-II - Water Works and sewerage pumps operated by local authority such as Municipal Corporation. Gujarat Water Supply & Sewerage Board located outside Gram Panchayat Area will also attract this tariff.

| | | |
|---|---|---|
| (a) | Fixed Charges per Month | Rs.9 Per BHP |
| PLUS | | |
| (b) | Energy Charges per Month :<br>For entire consumption during the Month | 330 Paise Per Unit |

6.3 : Type-III - Water Works and sewerage pumps operated by Gram Panchayat or Gujarat Water Supply & Sewerage Board for its installations located in Gram Panchayats.

| | |
|---|---|
| Energy Charges per Month :<br>For entire consumption during the Month | 240 Paise/Unit |

નાણાંકીય વર્ષ ૨૦૦૯–૧૦ ના ટેરીફ શેડયુલ ના કલોઝ નં–૬.૨ અને ૬.૩ મુજબ,

6.2 : Type-II - Water Works and sewerage pumps operated by local authority such as Municipal Corporation. Gujarat Water Supply & Sewerage Board located outside Gram Panchayat Area will also attract this tariff.

| | | |
|---|---|---|
| (a) | Fixed Charges per Month | Rs.9 Per BHP |
| PLUS | | |
| (b) | Energy Charges per Month :<br>For entire consumption during the Month | 340 Paise Per Unit |

6.3 : Type-III - Water Works and sewerage pumps operated by Municipalities/Nagarpalikas and Gram Panchayat or Gujarat Water Supply &

Sewerage Board for its installations located in Gram Panchayats.

| | |
|---|---|
| Energy Charges per Month :<br>For entire consumption during the Month | 250 Paise/Unit |

શેડ્યુલ ના કલોઝ નં–૯.૨ અને ૯.૩ મુજબ,

9.2 : Type-II - Water Works and sewerage pumps operated by local authority such as Municipal Corporation. Gujarat Water Supply & Sewerage Board located outside Gram Panchayat Area will also attract this tariff.

| | | |
|---|---|---|
| (a) | Fixed Charges per Month | Rs.9 Per BHP |
| | PLUS | |
| (b) | Energy Charges per Month :<br>For entire consumption during the Month | 365 Paise Per Unit |

9.3 : Type-III - Water Works and sewerage pumps operated by Municipalities/Nagarpalika and Gram Panchayat or Gujarat Water Supply & Sewerage Board for its installations located in Gram Panchayats.
Of Farmers for agricultural Irrigation only.

| | | |
|---|---|---|
| (a) | Fixed Charges per Month | Rs.25 Per HP |
| | PLUS | |
| (b) | Energy Charges :<br>For entire consumption during the Month | 160 Paise Per Unit |

નાણાંકીય વર્ષ ૨૦૧૨-૨૦૧૩ ના ટેરીફ શેડ્યુલ ના કલોઝ નં–૯.૨ અને ૯.૩ મુજબ,

9.2 : Type-II - Water Works and sewerage pumps operated by local authority such as Municipal Corporation. Gujarat Water Supply & Sewerage Board located outside Gram Panchayat Area will also attract this tariff.

| | | |
|---|---|---|
| (a) | Fixed Charges per Month | Rs.9 Per HP |
| | PLUS | |
| (b) | Energy Charges per Month :<br>For entire consumption during the Month | 375 Paise Per Unit |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

9.3 : Type-III - Water Works and sewerage pumps operated by Municipalities/Nagarpalikas and Gram Panchayat or Gujarat Water Supply & Sewerage Board for its installations located in Gram Panchayats.

| | |
|---|---|
| Energy Charges per Month :<br>For entire consumption during the Month | 285 Paise/Unit |

ટેરીફ શીડયુલ નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ ના કલોઝ નં–૯.૨ અને ૯.૩.૧ મુજબ,

9.2 : Type-II - Water Works and sewerage pumps operated by local authority such as Municipal Corporation. Gujarat Water Supply & Sewerage Board located outside Gram Panchayat Area will also attract this tariff.

| | | |
|---|---|---|
| (a) | Fixed Charges per Month | Rs.15 Per HP |
| | PLUS | |
| (b) | Energy Charges per Month :<br>For entire consumption during the Month | 400 Paise Per Unit |

9.3.1 : Type-III - Water Works and sewerage pumps operated by Municipalities/Nagarpalikas and Gram Panchayat or Gujarat Water Supply & Sewerage Board for its installations located in Gram Panchayats.

| | |
|---|---|
| Energy Charges per Month :<br>For entire consumption during the Month | 310 Paise/Unit |

ટેરીફ શીડયુલ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ ના કલોઝ નં–૯.૨ અને ૯.૩.૧ મુજબ,

9.2 : Type-II - Water Works and sewerage pumps operated by local authority such as Municipal Corporation. Gujarat Water Supply & Sewerage Board located outside Gram Panchayat Area will also attract this tariff.

| | | |
|---|---|---|
| (a) | Fixed Charges per Month | Rs.20 Per HP |
| | PLUS | |
| (b) | Energy Charges per Month :<br>For entire consumption during the Month | 410 Paise Per Unit |

Grievance Redressal Forum PGVCL Bhavnagar

9.3.1 : Type-III - Water Works and sewerage pumps operated by Municipalities/Nagarpalikas and Gram Panchayat or Gujarat Water Supply & Sewerage Board for its installations located in Gram Panchayats.

| | |
|---|---|
| Energy Charges per Month :<br>For entire consumption during the Month | 320 Paise/Unit |

૩.૫ આજરોજ તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમિયાન વાદીએ સરકારશ્રી નો સુરેન્દ્રનગર દુધરેજ નગર પાલીકા **બરો** અંગેનો હુકમ રજૂ કરેલ છે. જે મુજબ દૂધરેજ ગ્રામ પંચાયત સુરેન્દ્રનગર નગરપાલીકા માં મર્જ થઈ અને વર્ષ ૧૯૯૪ થી સુરેન્દ્રનગર નગરપાલીકા ના વિસ્તારમાં સમાવિષ્ટ કરેલ છે. જયારે વાદીનું ૧૨૦ હો.પા.નું વિજ જોડાણ જાન્યુ–૨૦૧૮ માં ચાલુ કરેલ છે. એટલે કે, વાદીનું વિજ જોડાણ જે તે સમયે સુરેન્દ્રનગર નગરપાલીકા ની હદમાં ચાલુ કરવામાં આવેલ. અને આ વિજ જોડાણ ત્યારથી અત્યાર સુધી GWSSB દ્વારા ઓપરેટ કરવામાં આવે છે. આથી, સ્પષ્ટ છે કે, વાદીનું વિજ જોડાણ દૂધરેજ ગ્રામ પંચાયત માં નથી. પરંતુ, સુરેન્દ્રનગર દૂધરેજ નગરપાલીકા ની હદમાં છે. માટે વાદીના વિજ જોડાણ નું બિલીગ જે તે વર્ષ ના વિજ ટેરીફ ના કલોઝ ટાઈપ–૨ કેટેગરી હેઠળ થવું જોઈએ. જયારે, પ્રતિવાદીએ વાદીના વિજ જોડાણ ને ગ્રામ પંચાયત માં ગણી અને ટાઈપ–૩ પ્રમાણે બિલીગ કરતા હતા.

૩.૬ પ્રતિવાદીએ જાન્યુ–૨૦૦૮ થી મે–૨૦૧૯ સુધીના દરેક વર્ષમાં વાદી પાસેથી ખરેખર ટાઈપ–૨ પ્રમાણે લાગતા ટેરીફ પ્રમાણે લેવાની થતી રકમ અને ટાઈપ–૩ પ્રમાણે કરેલ બિલીગ ની તફાવત ની રકમ નું સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે. જે મુજબ પ્રતિવાદીએ વાદીને રૂા.૪૧,૬૦,૧૪૦/૨૧ ની રકમ ભરવાપાત્ર થાય છે.

૩.૭ વાદીએ સુનાવણી દરમ્યાન તેના સપ્લીમેન્ટરી વિજ બિલ ની રકમ રૂા.૪૧,૬૦,૧૪૦/૨૧ પર પ્રતિવાદીએ લગાડેલ ડીલે પેમેન્ટ ચાર્જ ન વસુલવા અંગેની રજુઆત કરેલ છે.

ડીલે પેમેન્ટ ચાર્જ એ GERC ના ટેરીફ શેડયુલમાં નિયત કરેલ ચાર્જીસ છે. અને ટેરીફ સાથે સંકળાયેલ છે. તેથી વાદીની વિલંબીત ચૂકવણી ચાર્જ રદ કરવાની રજૂઆત માન્ય રાખવામાં આવતી નથી.

૩.૮ ઉપર મુજબ ના અવલોકન વાદી, પ્રતિવાદીની રજૂઆત તેમજ GERC ના ટેરીફ શેડયુલ અને રજૂ થયેલ દસ્તાવેજ ને ધ્યાનમાં રાખી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ ટેરીફના તફાવત નું આપેલ પૂરવણી બિલ રૂા.૪૧,૬૦,૧૪૦/૨૧ ને વાદીએ ભરવાપાત્ર છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(એ.એ.જાડેજા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૨૯/૧૨/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar